## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડોક્ટર સાહેબ, તમે કહ્યું તેમ મે મધ અને લીંબુનો પ્રયોગ કર્યો... પરંતુ મે મારા આઠ કીલો વજન ગુમાવવાની જગ્યાએ... ચાર કિલો મધ અને ચાર કીલો લીંબુ ગુમાવી દીધા...!!

# શહેરમાં મકાન ખરીદ વેચાણ મામલે મિલ્કતધારકોની મુંઝવણ દુર કરવી અનિવાર્ય

### બી યુ પરમિશન, પાર્કીંગ વ્યવસ્થા, ફાયર સેફ્ટી સહીતના મામલે ગ્રાહકોને મુંઝવણ દુર કરવા શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૫

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના ગુડા વિસ્તાર અને હવે નવા ભળેલા મહાનગરપાલિકાના વિસ્તારમાં મકાન બાંધકામ તેમજ ફલેટની અનેક યોજનાઓનો લાભ નાગરિકો લઈ રહ્યા છે ત્યારે મકાન ધારકની મિલ્કતના પણ પ્રશ્નો ઉભા થયા છે. મકાન ખરીદતા કે વેચતા પુર્વે મકાન કે ફલેટની બી યુ પરમીશન, પાર્કીંગ વ્યવસ્થા, ફાયર સેફટી સહીતની બાબતોની ચકાસણી કરીને બી યુ પરમીશન આપવામાં આવી છે કે કેમ તે પણ પણ ગ્રાહકો માટે હાલ મોટો પ્રશ્ન બન્યો છે. આવા સંજોગોમાં ગ્રાહકોએ રેરા સહીતના વિકલ્પો શોધી લાંબા સમય સુધી હેરાન પરેશાન થવુ પડે છે.

આવા સંજોગોમાં દુર્ઘટના સર્જાય ત્યારે મિલ્કત ધારકે હેરાન પરેશાન થવુ પડે તેવી દહેશત પણ છે. ત્યારે આ સ્થિતિને ધ્યાને લઈ બી યુ સહીતની પરવાનગી આપતા પુર્વે સજાગતા કેળવી ગ્રાહકોના હીતમાં નિર્ણય લેવાનુ અનિવાર્ય બન્યુ છે. ગ્રાહકો કાનુની પ્રકીયામાંથી પસાર ન થવુ પડે અને સરકારના નિયમોનુ ચુસ્ત પાલન થાય તે મુજબનુ આયોજન કરવુ અનિવાર્ય છે. વરસાદી પાણીના બચવાની યોજના અન્વયે પણ આ પ્રકારની મંજુરી અનિવાર્ય છે કે કેમ તેમ પણ જાણવુ જરૂરી છે. આ સઘળી બાબતો અન્વયે મિલ્કત ધારોની મુંઝવણ દુર થાય તેવી વ્યવસ્થા ગોઠવવા શહેર વસાહત મહામંડળના મયુર વ્યાસ, કશ્યપ મહેતા, પ્રદિપ સોલંકી, કીશોર જીકાદરા, સુધીર દેસાઈ, ભાનુભાઈ દવે નિલેન્દુ વોરા અને ચંદુજી ઠાકોરે રજુઆત કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાના ૬ કેસ નોંધાયા છે.
- ગાંધીનગર શહેરમાં મોર્નિંગ વોકર્સની સંખ્યામાં ભારે વધારો જોવા મળી રહ્યો છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારમાં રાજકીય ગરમાવો જામેલો જોવા મળી રહ્યો છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ બન્ને નો રીપીટ થિયરી અપનાવે તેવા સંકેત મળી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવમાં વધારો, પેટ્રોલના ભાવમાં વધારો તેમજ તેલના ભાવોમાં વધારો થતાં ગૃહીણીઓના બજેટ ખોરવાઈ જવા પામ્યા છે.



શાળાઓ છેલ્લા ઘણા સમયથી બંધ છે. ઓનલાઈન અભ્યાસ કરીને બાળકો જાણે થાકયા છે. બાળકો માટે સમય હવે કયાં પસાર કરવો તે મોટો પ્રશ્ન બની ગયો છે. સેકટર-૬ પ્રાથમિક શાળાની દિવાલે બેસીને મોબાઈલમાં વ્યસ્ત રહી આ નાના બાળકો સમય પસાર કરી રહ્યા છે.

# રામમંદિરના નિર્માણ માટે જિલ્લામાંથી ૬૩ લાખની નિર્માણ નિધી એકત્રિત

### સામાજિક સમરસતાની ભાવના સાથે ભાવિકો ઉદારહાથે ફાળો આપી રહ્યા છે : ચાર સદી બાદ હાથ ધરાયેલા નિર્માણ કાર્યને અનુલક્ષી ભાવિકોમાં અનોખી આસ્થાના દર્શન : ફાળો ઉઘરાવતા કાર્યકરોને અવિસ્મરણીય અનુભવો

ગાંધીનગર તા ૫

સમગ્ર દેશવાસીઓની આસ્થાના પ્રતિક સમાન રામમંદિરના નિર્માણ કાર્ય માટે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે કાર્યકરો હાલ સમગ્ર દેશમાંથી અનુદાન એકત્રિત કરવાની ઝુંબેશમાં લાગી ગયા છે.



નાગરિકો ઉદારહાથે ફાળો આપી રહ્યા છે. ઘરે ઘરે ફાળો ઉઘરાવતા કાર્યકરોને પણ ભાવિકોમાં અનોખી શ્રધ્ધા ભકિતના દર્શન થયા હોવાનો અનુભવો યાદગાર બન્યા છે. ત્યારે સામાજિક સમરસતા અને એકતાની ભાવના સાથે હાથ ધરાયેલી આ ઝુંબેશ અન્વયે ગાંધીનગર જિલ્લામાંથી પણ અત્યાર સુધી રૂ ૬૩ લાખની નિર્માણ નિધી એકત્રિત કરવામાં આવી છે. જેમાં ઘરે ઘરે ફાળો ઉઘરાવતી વેળાએ પણ રૂ ૧૦૦ થી ૫૦૦ સુધીનુ અનુદાન મળ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાંથી ૨૦ ભાવિકોએ રૂ ૫૧ હજાર સુધીનો ફાળો આપ્યો છે.જયારે એક વ્યકિતએ રૂ ૫ લાખની નિર્માણનિધી જમા કરાવી છે.

સામાજિક એકતા અને સમરસતાના પ્રતિક સમાન રામ જન્મભુમિ નિર્માણ નિધિનુ આ અભિયાન ગાંધીનગર જિલ્લામાં પણ હાથ ધરાયુ છે. ગાંધીનગર જિલ્લામાંથી અત્યાર સુધી કુલ રૂ ૬૩૫૪૩૨૦ ની નિર્માણ નિધી એકત્રિત કરાઈ છે. જયારે એકત્રિત આ રકમ પૈકી રૂ ૨૧૨૬૫૦૨ રોકડા, અને રૂ ૪૨૨૭૮૧૮ ચેક દ્વારા જમા કરાયા છે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વિશ્વ હિન્દુ પરિષદ અને આર એસ એસ ના કાર્યકરો નિર્માણનિધિ એકત્રિત કરવા માટે ઘરે ઘરે ફરી રહ્યા છે. આ દરમિયાન કાર્યકરોને પણ ભાવિકોમાં અનોખી શ્રધ્ધાના દર્શન થાય છે. નિર્માણ નિધિ એકત્રિત કરવાનુ આ અભિયાન કાર્યકરો માટે પણ એક યાદગાર સંભારણુ બની રહે તેવા દ્રશ્યો સર્જાય છે. ઘરે ઘરેથી ફાળો એકત્રિત કરવા માટે સેકટરો અને ગામોમાં ફરતા કાર્યકરોને રામભકતો ભાવુક થઈને આવકારે છે. જયારે પોતાની યથાશકિત આ ઉમદા કાર્યમાં પોતાનો ફાળો આપે છે. સામાન્ય રીતે વ્યકિત પાસેથી લઘુત્તમ રૂ ૧૦ છે. ગાંધીનગરમાં રામ જન્મભુમિના નિર્માણ નિધી અન્વયે અત્યાર સુધી ૨૦ વ્યકિતઓએ ૫૧ હજાર અને એક વ્યકિતએ રૂ ૫ લાખનુ અનુદાન આપ્યુ છે.આમ અત્યાર સુધી ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાંથી રૂ ૬૩ લાખની રકમ નિર્માણ નીધિ માટે એકત્રિત કરાઈ છે. નગરમાં જાહેર જીવનના અગ્રણીઓ સહીત



ફાળા પેટે લેવામાં આવે છે. ત્યારે નાગરિકો પણ પોતાની શકય હોય તે મુજબ વધુ ફાળો આપવા ઉત્સુક બનતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગરમાં પણ અત્યાર સુધી ઘરે ઘરે ફાળો એકત્રિત કરતા કાર્યકરોને રૂ ૧૦૦ થી માંડીને રૂ ૫૦૦ સુધીની રકમ ભાવિકોએ ફાળા સ્વરૂપે આપી છે. જયારે આર્થિક રીતે વધુ સધ્ધર હોય તેવા પરિવારોએ રૂ ૧ હજારથી રૂ ૫ હજાર સુધીનો ફાળો પણ આપ્યો સેકટરોમાં રહેતા અન્ય સામાન્ય વ્યકિતઓ પણ આસ્થાના પ્રતિક સમાન રામ જન્મભુમિના નિર્માણ માટે ઉત્સાહપુર્વક ફાળો આપી રહ્યા છે. ચાર સદીઓના અંતે ભગવાન રામના ભવ્ય મંદિરના નિર્માણની આસ્થા સંતોષાતા ભાવિકોમાં ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. જયારે ભવ્યાતિ ભવ્ય મંદિરના નિર્માણ માટે ઉદાર હાથે ફાળો આપી સેકટરવાસીઓ અને ગ્રામજનો ધન્યતા અનુભવી રહ્યા છે.

## કોલવડા રેલ્વે કવાટર્ર પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક કોલવડા રેલ્વે કવાટર્ર પાસેથી પેશન પ્રો બાઈકની ચોરી થવા પામી છે. ચૈનારામ રૂઘારામ જાટ (ચૌધરી) એ પેથાપુર પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ છેલ્લા એક માસથી રેલ્વેનો કોન્ટ્રાકટ કોલવડા ખાતે ચાલતો હોવાથી રેલ્વે કવાટર્ર ખાતે રહે છે.

જયારે ફરીયાદી તેના મોટાભાઈનું પેશન પ્રો બાઈક નં.જી.જે.૨૭.એ.એફ.-૩૧૭૫ આવન જાવન માટે ઉપયોગ કરતા હતા. ગત તા. ૨ ના રોજ બાઈક દિવસ દરમિયાન ઉપયોગ કરીને રાત્રીના ૯ વાગ્યાના અરસામાં બાઈક પાર્ક કર્યું હતું અને કવાટર્સમાં સુઈ ગયા હતા. જયારે તા.૩ ને સવારે ઉઠીને જોયું તો પાર્ક કરેલી જગ્યાએ બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી છતા મળી આવ્યું ન હતું. જેથી આખરે પેથાપુર પોલીસ મથકે રૂ.૮ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડા-પેથાપુર પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપી ઝડપાયા

ગાંધીનગર, તા.૫

ચિલોડા અને પેથાપુર પોલીસ મથકના પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ એ પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો વિવિધ દિશામાં કામગીરી કરી રહ્યા હતા. તે સમયે રવિન્દ્રસિંહને બાતમી મળી હતી કે ચિલોડા પોલીસ મથકના દારૂના ગુનામાં નાસતો ફરતો આરોપી ધર્મેન્દ્રસિંહ કનકસિંહ વાઘેલા (રહે.કુશ્કી પંચાલ ફળી તા.ભિલોડા અરવલ્લી), ને પકડી પાડ્યો હતો. ત્યારે છેલ્લા અઢી વર્ષથી પ્રોહીના કેસમાં નાસતો ફરતો હતો.

જયારે પેથાપુર પોલીસ મથકના પ્રોહી કેસમાં છેલ્લા છ માસથી નાસતો ફરતો આરોપી અંગે એલસીબી-૨ ના હેડ કોન્સ્ટેબલ જોગીન્દરસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ સુરેશકુમારને બાતમી મળી હતી. જેથી પોલીસે સેકટર-૧૫ ફતેપુરા પાસેથી મહેશ રમેશભાઈ વાઘેલા (ઠાકોર)ને પકડી પાડ્યો હતો. પોલીસે રેકર્ડ પર તપાસ કરતા આરોપી પ્રોહીના કેસમાં નાસતો ફરતો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોરોના કાળ સર્જિત માનસિક તણાવ નિર્મૂલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

દસ માસથી ઘરે બેઠેલાં વિદ્યાર્થીઓનો વિદ્યાભ્યાસ સાદરા સંકુલમાં શરૂ કરવામાં આવ્યો છે. કોરોના કાળમાં ભયથી ઊભો થયેલ માનસિક તણાવ દૂર કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠ-મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કોરોના કાળમાં ભયથી ઊભો થયેલ માનસિક તણાવ નિર્મૂલન કાર્યક્રમ દોહા-છંદ-લોકગીતોની રમઝટ સાથે હાથ ધરાયો હતો. મને વ્રજના સપનાં આવે, રાજ મને લાગ્યો કસુંબીનો રંગ, વાગડની વઢિયારી, નંદબાવાને યશોદાજી સાંભળે, આભમાં ઝબૂકે વીજળી, આપના મલકમાં માયાળું માનવી, ચાલી ચાલીને હું એ થાકી જેવા લોકગીતો દ્વારા શ્રોતાજનો તેમજ વિદ્યાર્થી ભાઈઓ બહેનોને મંત્રમુગ્ધ કરી માનસિક તણાવ દૂર થાય તેવા પ્રયત્નો કર્યા હતા. ગીતગુંજનમાં ડૉ. ગેલજી ભાટિયા, ડૉ. ગાયત્રીદત્ત મહેતા, બળદેવભાઈ મોરી, જગદીશભાઈ પરીખ, વિદ્યા વસાવા, સ્મિતાબેન ગામીત, ગોવિંદ વાઘેલા, જયંતિ વાઘેલા સહભાગી બન્યા હતા.

આ કાર્યક્રમથી દસ મહિનાના અંતે આવેલા વિદ્યાર્થીઓના મુખારવિંદપટ ઉપર એક અનોખી ચમક-આનંદ જોવા મળ્યો. જે સાચા અર્થમાં કોરોનાકાળમાં ભયથી ઊભો થયેલ માનસિક તણાવ નિર્મૂલન કાર્યક્રમ બની રહ્યો હતો. આ કાર્યક્રમમાં પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસ ઠાકર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી પ્રતિભાવો આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટે કરી હતી.

## ધોળકાના મામલતદારને સસ્પેન્ડ કરાયા

લગભગ ૧૫ દિવસ પહેલા ૨૫ રૂપિયા લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયેલા લાંચિયા મામલતદારને સરકાર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)ના સત્તાવાર નિવેદન મુજબ આરોપી મામલતદાર હાર્દિક ડામોરને રાજયના મહેસૂલ વિભાગ દ્વારા ૧ ફેબ્રુઆરીએ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અમદાવાદ જિલ્લાના ધોળકાના મામલતદાર હાર્દિક ડામોર ૨૦ જાન્યુઆરીના રોજ એન્ટી કરપ્શન બ્યૂરો દ્વારા ૨૫ લાખ રુપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, તેમની ઓફિસમાંથી ૨૦ લાખ કેશ કબજે કરાયા હતા, અને આ કામમાં જે વ્યક્તિ વચેટિયા તરીકે કામ કરી રહ્યો હતો તેની પાસેથી પણ ૫ લાખ કબજે કરાયા છે. હાર્દિક ડામોરે એક વ્યક્તિનું નામ ખેડૂત તરીકે રેકોર્ડ પર લેવા માટે આ મસમોટી રકમ લાંચ તરીકે માગી હતી. આ કેસમાં ફરિયાદીની જમીન ધોલેરા હાઈવે પાસે રુપગઢમાં આવેલી છે. આ જમીન સંપાદનમાં જવાની હતી, પરંતુ તેમાં ફરિયાદીનું નામ ખેડૂત તરીકે રેકોર્ડ પર નહોતું. તેમના દાદા અને પિતા સરકારી રેકોર્ડ પર ખેડૂત હતા, પરંતુ ફરિયાદીનું નામ ના હોવાથી તેમણે આ અંગે મામલતદાર કચેરીમાં અરજી કરી હતી.



શ્રી સ્વામીનારાયણ મંદિર કાલુપુર, નરનારાયણ દેવ ટ્રસ્ટ દ્વારા પૂ. મોટા મહારાજ તેજેન્દ્ર પ્રસાદજી, આચાર્ય મહારાજ કૌશલેન્દ્ર પ્રસાદજી તથા લાલજી મહારાજના વરદહસ્તે રામ મંદિરના નિર્માણ માટે રૂ. ૧ કરોડની રકમના દાનનો ચેક નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓને અર્પણ કરાયો હતો.

# ભાજપમાં અસંતોષ ઠારવા પ્રદિપસિંહ મેદાનમાં ઉતર્યા

### અમદાવાદ ભાજપના લિસ્ટમાં ૧૪૨માંથી ૧૦૬ની ટિકિટ કપાઇ, ખાનપુર ભાજપના કાર્યાલયે પહોંચીને બેઠક યોજી : પાટીલના ટિકિટ માટેના માપદંડોથી ભાજપમાં ભડકો

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા ૬ મહાનગરપાલિકા માટે ૫૭૫ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. પાટીલના નવા ૩ માપદંડો બાદ નવું લિસ્ટ જાહેર થતાં જ ભાજપમાં ભડકો થયો છે. અને રાજ્યમાં ઠેર-ઠેર ભાજપની અંદર અસંતોષની લાગણી ફેલાઈ ગઈ છે. તેવામાં અમદાવાદમાં પણ ભાજપની અંદર કાર્યકરો અને નેતાઓની ટિકિટ કપાતાં ભારોભાર અસંતોષ ફેલાયો છે. જેને ડામવા માટે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાને ખુદ મેદાનમાં ઉતરવું પડ્યું છે. અને પ્રદિપસિંહે ખાનપુર ખાતેના ભાજપ કાર્યાલયે પહોંચીને મહત્વની બેઠક યોજી છે.

અમદાવાદમાં ભાજપના ઉમેદવારોના લિસ્ટમાં અનેક વોર્ડમાં અસંતોષની લાગણી ફેલાઈ છે. અમુક વોર્ડમાં ભાજપે આખે આખી પેનલ બદલી નાખી છે. અમદાવાદ ભાજપના લિસ્ટમાં ૧૪૨માંથી ૧૦૬ની ટિકિટ કપાઈ છે તો માત્ર ૩૬ને જ રિપીટ કરાયા છે. ગત રાત્રિએ ઉમેદવારોના લિસ્ટ બાદ જ અસંતોષની જ્વાળા પક્ષમાં દોડી ગઈ હતી. અને વાસણા, નારણપુરા, ગોતા, ચાંદખેડા, સરદારનગર સહિતના વોર્ડમાં કાર્યકરોએ ભારે વિરોધ કર્યો છે.

એટલું જ નહીં, અસંતોષની લાગણી સાથે જ ગત રાત્રિએથી જ કાર્યકરો અને દાવેદારી કરનારા નેતાઓ ખાનપુર ખાતેના કાર્યાલયે દોડી આવ્યા હતા. અને ભારે વિરોધ સાથે રાજીનામાની ચીમકી પણ ઉચ્ચારી હતી. ચાંદખેડાના લગભગ ૫૦૦ જેટલાં કાર્યકરોએ તો રાજીનામાની ચીમકી ઉચ્ચારી હતી. વાસણામાં પણ પેરાશૂટ ઉમેદવારને લઈને વિરોધ છે. તો ગોતામાં પણ ભાજપ કાર્યકરોએ હાય હાયનાં નારાં લગાવ્યા હતા. સરદારનગર વોર્ડનાં કાર્યકરો પણ વિરોધ દર્શાવવા માટે ખાનપુર પહોંચી ગયા હતા.

આમ અમદાવાદના મોટાભાગના વોર્ડમાં ભાજપનાં કાર્યકરો ટિકિટ વહેંચણીથી નાખૂશ છે. અને હાલ કાર્યકર્તાઓની અંદર લિસ્ટને લઈને ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. કાર્યકરો રાજીનામાં આપી દેવાના મૂડમાં છે, તો ચૂંટણીમાં નિષ્ક્રિય રહેવા સુધીની ચીમકી તેઓ પોતાના નેતાઓને ઉચ્ચારી ચૂક્યા છે. તેવામાં અપક્ષ ઉમેદવાર તરીકે લડવા પણ કેટલાંય નેતાઓ તૈયાર છે. તેવામાં આ અસંતોષને ઠારવા માટે ભાજપ પક્ષે ડેમેજ કંટ્રોલ માટે પ્રદિપસિંહને મેદાનમાં ઉતાર્યા છે. અને પ્રદિપસિંહે ખાનપુર ખાતેના કાર્યાલય પહોંચીને એક મહત્વની મીટિંગ પણ યોજી હતી. અને આ મીટિંગમાં અસંતોષને કેવી રીતે ડામવો તેના વિશે ચર્ચા થઈ શકે છે. તેવામાં હવે જોવાનું રહ્યું કે કાર્યકરોનો અસંતોષ ઠારવામાં ભાજપ સફળ રહે છે કે આગામી ચૂંટણીમાં આ અસંતોષ ભાજપ માટે કોઈ મુસીબત ઉભી કરી શકે છે.

## ઓઈલના વેપારીની પાસે લાંચ લેતા જમાદાર-વચેટિયો ઝડપાયા

અમદાવાદ, તા.૫

અમદાવાદ રેન્જ આઈજીના આર આર સેલના પોલીસ કર્મચારી રૂપિયા ૫૦ લાખની લાંચ લેતા ઝડપાયા બાદ સરકાર તરફથી આર આર સેલ બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદમાં રેન્જ આઈજી દ્વારા નવી સ્કવૉડ શરૂ કરવામાં આવી છે. આ સ્કવૉડના વહીવટદાર દ્વારા હપ્તા પેટે માંગેલા રૂપિયા લેવા જતાં એક વચેટિયો અમદાવાદ એસીબીના હાથે ઝડપાયો છે. આ કેસમાં પોલીસે લાંચ માંગનાર જમાદારની પણ ધરપકડ કરી છે.

અમદાવાદ રેન્જ આઈજી કર્મચારી લાંચકાંડ બહાર આવ્યા બાદ ગતરોજ જિલ્લા પોલીસના આર.આર.સેલના જમાદાર મહાદેવ સેવાઈકર અને એક વચેટિયો પીપોદરામાં એક ઓઈલ વેપારી પાસેથી ૪.૫૦ લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. પીપોદરા વિસ્તારમાં વેપારી ઈન્ડસ્ટ્રીયલ ઓઈલનો વેપાર કરે છે.

# ટિકિટોની ફાળવણી મામલે કોંગી ધારાસભ્ય-પક્ષ પ્રમુખ સામ સામે

### ભાજપની જેમ જ ટિકિટ ફાળવણી બાદ કોંગ્રેસમાં ભડકો થવાના સંકેત, પ્રદેશ-સ્થાનિક નેતૃત્વ વચ્ચે ખેંચતાણ ચાલુ

ગાંધીનગર, તા. ૫

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસમાં કકળાટ શરૂ થઈ ગયો છે. હાલ અમદાવાદ શહેર કોંગ્રેસમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ટિકિટોની ખેંચતાણને લઈ શહેર કોંગ્રેસ પ્રમુખ અને ધારાસભ્ય આમને સામને આવી ગયા છે. ધારાસભ્યો પોતાના સમર્થકોને ટિકિટ આપવાની જીદે ચડ્યા છે. જેને કારણે પ્રદેશ અને સ્થાનિક નેતૃત્વ વચ્ચે ખેંચતાણ ચાલુ છે. ભાજપની જેમ જ ટિકિટ ફાળવણી બાદ કોંગ્રેસમાં ભડકો થવાના પૂરેપૂરા એંધાણ છે.

એએમસીની ચૂંટણીમાં કોંગ્રેસની અંદર જ્યાં ટિકિટો માટે ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. કોંગ્રસને અનેક વોર્ડમાં ઉમેદવારો પણ મળતાં નથી. અત્યાર સુધી કોંગ્રેસે ૧૦ વોર્ડના ખાલી ૩૮ ઉમેદવારની જાહેરાત કરી છે. જ્યારે ૧૯૨ બેઠકોમાંથી કોંગ્રેસના ૧૫૪ નામ બાકી છે. સૂત્રો કહે છે કે, કેટલાક વોર્ડમાં જ્યાં વિવાદ છે તેવા વોર્ડમાં નામો જાહેર કરવાને બદલે સીધા જ મેન્ડેટ આપી દેવાશે. ઉમેદવારોની જાહેરાત સાથે જ કોંગ્રેસના ઘરમાં તોફાન મચે તેવી ભીતિના કારણે પણ પ્રદેશ નેતાગીરી નામો જાહેર કરી શકી નથી. અમદાવાદ શહેરની યાદીમાં બે ધારાસભ્યોએ પક્ષને બાનમાં લીધું છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સમયે ભાજપ અને કોંગ્રેસમાં ઈલુ ઈલુ પ્રકરણે ચર્ચા જગાવી છે. હવે ગુજરાત કોંગ્રેસના વધુ એક સિનિયર નેતાએ પોત પ્રકાશ્યું છે, અમદાવાદના નરોડા નજીકના એક વોર્ડ માટે કોંગ્રેસના સિનિયર નેતા તેમની પ્રેમિકાને ટિકિટ અપાવવા મેદાને પડયા છે. કોંગ્રેસના નેતાના જે મહિલા સાથે સુંવાળા સંબંધો છે તે અગાઉ પણ એક વાર ભૂંડી રીતે ચૂંટણી હારી ચૂક્યા છે, તેમ છતાં આ નેતા ટિકિટ માટે હઠ લઈને બેઠા છે. આ બાબત જે તે વોર્ડમાં સામે આવતાં કોંગ્રેસના કાર્યકરોમાં વિરોધ વંટોળ ઊઠયો છે.